સુખી દાંપત્યજીવન માટે પ્રશંસા નહીં, સતત પ્રોત્સાહનની જરૂર છે
- કાજલ વૈદ્ય

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૭૭ | ૨૦ ડિસેમ્બર, ૨૦૧૪, શનિવાર ; માગશર વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મીના બજારમાં દબાણ તંત્ર ત્રાટક્યું

## શેડના ૧૮૨ દબાણો દૂર કરાયા : દુકાનો તેમજ લારી ગલ્લાના સ્થાને શેડ ઉભા કરાયા હતા





(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૧૯

આગામી વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ શહેરને સ્વચ્છ અને દબાણમુકત બનાવવા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. સેકટરો ઉપરાંત મુખ્યમાર્ગો આસપાસ સ્થિત દબાણો દૂર કરી દેવાયા છે. આજે દબાણ તંત્રની ટીમ મીના બજારમાં ત્રાટકી હતી. મીના બજારમાંથી દુકાન તેમજ લારી ગલ્લા પરથી વધારાના શેડના દબાણો દૂર કરવામાં આવ્યા હતા તંત્ર દ્વારા ૧૮૨ દબાણો દૂર કરાયા હતા.

શહેરને સ્વચ્છ સુંદર અને રળિયામણું બનાવવા સફાઈ, દબાણ હટાવ ઝુંબેશ ઉપરાંત બ્યુટીફીકેશનના કામો હાથ ધરવામાં આવ્યા છે. દબાણ તંત્ર દ્વારા નગરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત લારી ગલ્લાના દબાણો દૂર કરી દેવાયા છે. આ ઉપરાંત વન વિભાગ આરક્ષિત જગ્યામાંથી પણ ઝુંપડાના દબાણો દૂર કરાયા છે. તંત્ર દ્વારા તબક્કાવાર દબાણ હટાવ ઝુંબેશના ભાગરૂપે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આજે પણ દબાણ હટાવાની ટીમ જૂના સચિવાલય નજીક સ્થિત મીનાબજારમાં ત્રાટકી હતી. જેસીબી મશીન અને પોલીસ સાથે સ્થળ પર પહોંચેલી ટીમ દ્વારા મીના બજારમાંથી શેડના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. મીના બજારમાં સ્થિત માઈક્રોશોપીંગની દુકાનો અને લારી ગલ્લા ધારકોએ માથે શેડ તાણી બાંધ્યા હોવાથી આ વિસ્તારમાં દબાણો વધી ગયા હતા. દબાણ તંત્ર દ્વારા આજે દુકાન અને લારી ગલ્લાના સ્થાનેથી ૧૮૨ જેટલા નાના-મોટા દબાણો દૂર કરાયા હતા.

# ચરેડીમાંથી પાંચ કેસ ઓરીના મળ્યા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરના ચરેડી વિસ્તારમાંથી પાંચ કેસ ઓરીના મળી આવ્યા છે. આ પાંચેય દર્દી બાળકો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરના સીમાડે આવેલ આ વિસ્તારમાં શ્રમિક પરિવારો મોટી સંખ્યામાં વસે છે. આરોગ્ય તંત્ર દ્વારા આ વિસ્તારમાં સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે, પરંતુ કોઈ નવા કેસ નહિ મળ્યા હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન ગાંધીનગર શહેર અને જિલ્લામાં પાણીજન્ય રોગચાળાના નોંધાયેલા કેસો તેમજ વાઈરલ રોગચાળાના કેસોને લઈ જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે પરિસ્થિતિની સમીક્ષા બેઠક આરોગ્યના અધિકારીઓની એક મહત્વની બેઠક બોલાવી છે.

બીજી તરફ રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે પણ ઓરી-અછબડાના કેસો શોધી કાઢવા માટે ખાસ સર્વેલન્સ કરવા માટે તંત્રના અધિકારીઓને સૂચનાઓ જારી કરી છે.

ગાંધીનગર શહેરના સે. ૧૨માંથી કોલેરા પોઝીટીવનો કેસ તેમજ ઓરીના મળી આવેલા આ પાંચ કેસ, સોનારડામાં ઝાડા ઉલ્ટીના બનેલા કેસ, કલોલ શહેરમાં કમળાના નોંધાયેલા કેસો સહિતના મુદ્દાઓ અંગે તબીબી અધિકારીઓની બેઠકમાં ચર્ચાઓ થશે તેમ મનાઈ રહ્યું છે.

ગાંધીનગર શહેર સહિત ગ્રામ્ય વિસ્તારમાં પણ પાણી જન્ય રોગચાળાએ માથુ ઉંચક્યું છે જે ચિંતાજનક સ્થિતિ દર્શાવે છે. આ વર્ષે વાહકજન્ય રોગચાળામાં ડિકસાઈન ટ્રેન્ડ જોવા મળ્યો છે તે પણ નોંધનીય છે.

# ભુતાનનું ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળ મુખ્યમંત્રીશ્રીની મુલાકાતે



ગાંધીનગર, તા.૧૯

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ભૂતાન-ગુજરાત વચ્ચે પરસ્પર વ્યાપાર-વણજ ખાસ કરીને ઉર્જા ક્ષેત્રમાં સંબંધોની વ્યાપક સહભાગીતાની તત્પરતા દર્શાવી છે.

આ સંદર્ભમાં તેમણે આગામી વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫માં ભૂતાનની ઉપસ્થિતી વિશેષ પરિણામકારી બનશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો છે. મુખ્યમંત્રીશ્રીની આજે ભૂતાનના પાંચ રાજકીય પક્ષોના સભ્યો-સાંસદોના પ્રતિનિધિ મંડળે સૌજન્ય મૂલાકાત લીધી હતી.

શ્રીમતી આનંદીબહેને તાજેતરમાં ઉજવાયેલા ભૂતાન નેશનલ-ડે ની શુભેચ્છાઓ પાઠવતાં કહયું કે, ભૂતાન જેવા નાના રાષ્ટ્રના પાંચ-પાંચ વિવિધ પક્ષોના પ્રતિનિધિઓએ એક સાથે ગુજરાતની મૂલાકાતે આવીને લોકશાહી પરંપરાનું એક આગવું દ્રષ્ટાંત વિશ્વને પુરૂં પાડયું છે.

મુખ્યમંત્રીશ્રીએ પ્રાચીન નાલંદા વિશ્વ વિદ્યાલય તથા સૈકાઓ પૂર્વે હયુએન ત્સંગના વિશ્વ ભ્રમણ દરમ્યાન ગુજરાતના વડનગરમાં બૌધ સ્તુપો-સાધુઓના વસવાટના ઈતિહાસ અંગે વર્તમાન યુગમાં શોધ-સંશોધન અને અભ્યાસ માટે ભૂતાન-ગુજરાત વચ્ચે નવી ક્ષિતીજો સાકાર કરવા પણ પ્રેરક સૂચન કર્યુ હતું. તેમણે ભૂતાનનું આ ડેલિગેશન વડનગરની અવશ્ય મૂલાકાત લે તેવી અપિલ પણ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની તાજેતરની ભૂતાન મૂલાકાત બાદ તેમણે ગુજરાતના ''વાંચે ગુજરાત અભિયાન'' થી ભૂતાનને માહિતગાર કરવા જે સૂચન કર્યુ હતું તેને પગલે ભૂતાનના આ પ્રતિનિધિમંડળ સાથે સંબંધિત વિભાગોના સંકલનની વ્યવસ્થા ગોઠવવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# માણસામાં પણ કાળા વાવટા ફરકાવી કોંગ્રેસના દેખાવો

## માણસા ધારાસભ્ય સહીત ૨૦૦ જેટલા કોંગી કાર્યકરો-ખેડૂતોની અટકાયત

ગાંધીનગર, તા. ૧૯

જિલ્લાના માણસા તાલુકામાં આજે યોજાયેલા રવિ કૃષિ મહોત્સવમાં રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી નાનુભાઈ વાનાણી સહિત પદાધિકારીઓ અને અધિકારીઓ સ્ટેજ પર બેઠા હતા ત્યારે માણસા ધારાસભ્યએ સ્ટેજ પર જઈને પોતાનું કાળુ મફલર કાઢી કાળા વાવટા ફરકાવી વિરોધ પ્રદર્શન કર્યો હતો.

માણસા ધારાસભ્ય અમિત ચૌધરીએ સ્ટેજ પર જઈને કહ્યું કે પ્રજાના પૈસે તાયફા કરવાનું સરકારે બંધ કરવુ જોઈએ. એક બાજુ ખેડૂતો આપઘાત કરી રહ્યા છે તો બીજી બાજુ સરકાર માત્ર દેખાવો કરવા પાછળ કરોડો રૂપિયા ખર્ચે છે. તેમ કહીને સ્ટેજ પરથી જ કાળુ મફલર બતાવીવાવટા સ્વરૂપે ફરકાવવાનું શરૂ કર્યું હતું. ધારાસભ્યની સાથે જ ખેડૂતો અને કોંગી કાર્યકરોએ ચાલુ કાર્યક્રમમાં કાળા વાવટા ફરકાવવાનું શરૂ કરી દેતા પોલીસે સતર્કતા દાખવી ધારાસભ્ય સહિત ૨૦૦ કાર્યકરો-ખેડૂતોની અટકાયત કરી લીધી હતી.



આકાશનું સૌંદર્ય : શુક્રવારની સમી સાંજે આકાશમાં સર્જાયેલો અલૌકિક નજારો માણવા લાયક રહ્યો હતો... પરમતત્વની અદભૂત કળાના દર્શન સર્જાયેલા દશ્યમાં પ્રતિબિંબિત થાય છે... કેવા ભવ્ય રંગોની છાયા અને પડછાયા, કેવી ભવ્ય કૃતિ અને આકૃતિ, અને કેટલી ભવ્ય રંગોની પસંદગી.... (તસવીર : દિપક જાની)

# ધો.૧૦-૧૨ની પરીક્ષા ૧૨મી માર્ચથી

## પરીક્ષાની તડામાર તૈયારીઓ શરૂ કરાઈ : ૭મી એપ્રિલ સુધી પરીક્ષા ચાલુ રહેશે : ૨૭ દિવસ સુધી પરીક્ષાનો કાર્યક્રમ

અમદાવાદ, તા.૧૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમીક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૫ માં લેવાનાર ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે જે આ પરીક્ષા ૧૨ માર્ચથી શરૂ થશે અને ૭ એપ્રિલ સુધી ચાલશે આ ૨૭ દિવસ સુધી ધોરણ- ૧૦, ૧૨ સામાન્યપ્રવાહ, ઉત્તરબુનિયાદી પ્રવાહ, વ્યસાયલક્ષી પ્રવાહ અને ધોરણ- ૧૦, ૧૨ વિજ્ઞાન પ્રવાહનાં સેમેસ્ટર-૨ અને ૪ ની બોર્ડની પરીક્ષા લેવામાં આવશે. ધોરણ ૧૦ ની બોર્ડની પરીક્ષા ૧૨ માર્ટને ગુરૂવારથી શરૂ થશે જે ૨૫ માર્ચ સોમવારનાં રોજ પૂર્ણ થશે જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૧૨ માર્ચથી શરૂ થઈ ૨૭ માર્ચ સુધી ચાલશે ધોરણ ૧૨ વ્યવસાયલક્ષી પ્રવાહની પરીક્ષા ૧૮ માર્ટથી શરૂ થઈને ૨૭ માર્ચ સુધી સાલશે જ્યારે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના ચોથા સેમેસ્ટરની પરીક્ષા ૧૨ માર્ચ થી શરૂ થઈ ૨૫ માર્ચ સુધી ચાલશે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનાં સેમેસ્ટર-૨ની પરીક્ષા ૩૦ માર્ચ થી શરૂ થઈને ૭ એપ્રિલ સુધી ચાલશે ઉલ્લેખનીય છે કે તમામ વિષયોની પરીક્ષા બે ભાગમાં લેવામાં આવશે જેમાં પાર્ટ એ ઓએમઆર પધ્ધતીથી લખવાનો રહેશે જ્યારે પાર્ટ બી માં વર્ણનાત્મક પ્રશ્નોનો સમાવેશ થશે બંન્ને પાર્ટનાં પ્રશ્નોના માર્ક ૫૦-૫૦ રહેશે.

આ ઉપરાંત પરીક્ષા દરમિયાન પ્રશ્નોપત્રને લગત કોઈપણ સાહિત્ય પુસ્તક, ગાઈડ, ચાર્ટ તેમજ મોબાઈલ ફોન જેવા ઈલેક્ટ્રોનિક સાધનો વગેરે પરીક્ષા સ્થળે લઈ જવાની મનાઈ છે વિદ્યાર્થીઓ માત્ર સાદુ કેલ્કયુલેટર પોતાની સાથે રાખી શકશે તેમ છતાં પરીક્ષાર્થી પાસેથી પરીક્ષા દરમિયાન કોઈપણ સાહિત્ય મળશે તો તેની સામે ગેરરીતીનો કેસ નોંધવામાં આવશે તેમજ કાર્યવાહી કરવામાં આવશે પરીક્ષામાં હોલ ટીકીટ સિવાય કોઈપણ પ્રકારનું હાથે લખેલું કે છાપેલુ સાહિત્ય ગેરરીતીનો કિસ્સો નોંધવામાં માટે પ્રયાપ્ત ગણાવામાં આવશે.

# વાયબ્રન્ટ અને પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીની તૈયારીઓ અંગે કેન્દ્રીય મંત્રી વિ.કે. સિંહે સમીક્ષા કરી

## મહાત્મા મંદિર, પી.ડી.પી.યુ. સહિતના સ્થળોની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૧૯

આગામી ૧૧ થી ૧૩ જાન્યુઆરી દરમ્યાન યોજાનાર વાયબ્રન્ટ સમીટ-૨૦૧૫ તેમજ પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીને લઈ ગાંધીનગરમાં ચાલી રહેલી તૈયારીઓની સમીક્ષા અંગે કેન્દ્રના રાજ્યમંત્રી શ્રી વી.કે. સિંહ આજે ગાંધીનગર આવ્યા હતા.

શ્રી સિંહે ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર, સોલ્ટ માઉન્ટ, હેલિપેડ ખાતે તૈયાર કરાયેલ પ્રદર્શન સ્થળ ઉપરાંત જેએનએસયુ કોલેજ અને પી.ડી.પી.યુ. કોલેજ કેમ્પસ સહિત અમદાવાદ રિવરફ્રન્ટ, કાંકરિયાની મુલાકાત લીધી હતી.

તેમણે ચાલી રહેલી તૈયારીઓ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. જો કે અન્ય કેટલીક સૂચનાઓ પણ અધિકારીઓને આપી હતી.

શ્રી સિંહે આજે સવારે વિમાનમાર્ગે દિલ્હીથી અમદાવાદ આવી પહોંચ્યા હતા. જ્યાં સામાન્ય વહીવટ વિભાગના સચિવ શ્રી ધનંજય દ્વિવેદીએ તેમનું સ્વાગત કર્યું હતું. તેઓ આજે આખો દિવસ તેમની સાથે રહ્યા હતા.

શ્રી સિંહે સલામતીના વ્યુહપોઈન્ટથી પણ આ સ્થળોની સમીક્ષા કરી હતી. શ્રી સિંહ પ્રથમવાર મંત્રી બન્યા પછી ગાંધીનગર આવ્યા હતા. જો કે આજે તેઓએ સચિવાલય કે અન્ય કોઈ રાજકીય આગેવાનોને મળવાં ટાળ્યું હતું.

પત્રકારો સાથેની અનૌપચારિક વાતચીતમાં પણ તેમણે તૈયારીઓ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. પાકિસ્તાનમાં આતંકવાદીને જામીન પર છોડવાની બાબત અંગે નીંદા કરી હતી.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

બમ્પર ધમાકા
લગ્ન પ્રસંગે ખાસ ઓફર
૨ ખરીદો ૧ ફ્રી મેળવો
મુરલીધર
ફેક્ટરી આઉટલેટ
રૂ.1499/-
૩ કોટન પેન્ટ ૩ શર્ટ
૩ જીન્સ પેન્ટ ટી-શર્ટ
સી/૭-૮, કોબા એપરલ પાર્ક, હોટલ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટની બાજુમાં, કોબા, ગાંધીનગર. (સમય: ૯ થી ૭)

NAVNEET
જ્ઞાનોત્સવ પુસ્તક મેળો
તારીખ : ૧૯, ૨૦ અને ૨૧ ડિસેમ્બર, ૨૦૧૪
સમય : સવારે ૧૦.૦૦ થી રાત્રિના ૯.૦૦
: ગાંધીનગર :
શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલની વાડી
સેક્ટર – 7/C.
સહપરિવાર અવશ્ય મુલાકાત લો.